**નવસારી કૃષિ યુનિવર્સિટી અને ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લીમીટેડ (GIPCL) વચ્ચે થનાર MoUના ડ્રાફટ અંગે ચર્ચા–વિચારણા માટે માન. કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને તા.૨૧/૦૯/૨૦૧૫ના રોજ બપોરના ૨.૩૦ કલાકે યુનિવર્સિટી ભવનના કોન્ફરન્સ હોલ, નવસારી ખાતે મળેલ બેઠકની કાર્યવાહીની નોંધ.**

**બેઠકમાં નીચે મુજબના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતાઃ**

| અ.ન. | અધિકારીશ્રીનું નામ | હોદો |
|---|---|---|
| ૧ | ડૉ. એ.એન. સાબલપરા | સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નકૃયુ, નવસારી |
| ૨ | ડૉ. જી.આર. પટેલ | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નકૃયુ, નવસારી |
| ૩ | ડૉ. એમ.કે. એરવાડીયા | ડીનશ્રી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| ૪ | ડૉ. બી.એન. પટેલ | ડીનશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |

માન.કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને મળેલ આ બેઠકના પ્રારંભે ડૉ. જી.આર.પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ ઉપસ્થિત યુનિવર્સિટી અધિકારીશ્રીઓને આવકારી બેઠકના હેતુ અંગે જાણકારી આપી, ત્યારબાદ GIPCLના અધિક જનરલ મેનેજર શ્રી એન.કે. સિંગ દ્વારા મોકલવામાં આવેલ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ (MoU) ના ડ્રાફટમાં સમાવિષ્ટ વિવિધ બાબતો અંગે મુદ્દાવાર વિશદ ચર્ચા વિચારણા કરીને સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

**૧.** GIPCLના સોલાર પાવર પ્લાન્ટ ખાતે સંશોધન, અખતરાં અને નિદર્શનની કામગીરી માટે નવસારી કૃષિ યુનિવર્સિટીના નીચે દર્શાવેલ કૃષિ વૈજ્ઞાનિકોની એક નિષ્ણાંત ટીમની રચના કરવાનું નકકી કરવામાં આવ્યું, જે GIPCL સાથે રહીને MoU અંતર્ગત યુનિવર્સિટીના ફાળે આવતી તમામ કામગીરી હાથ ધરશે.

| | | | |
|---|---|---|---|
| ૧. | ડૉ. વી.પી. ઉસદડીયા | સંશોધન વૈજ્ઞાનિક (જળ અને જમીન),<br>જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમ, નકૃયુ, નવસારી | કન્વીનર |
| ૨. | ડો. એસ.એન. સરવૈયા | સહ પ્રાધ્યાપક (શાકભાજી),<br>અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | સહ કન્વીનર |
| ૩. | ઈજ. એ.એલ. ચલોડીયા | ઈ/ચા.સહ પ્રાધ્યાપક અને વડા,<br>કૃષિ ઈજનેરી વિભાગ, ન.મ.કૃ.મ., નકૃયુ, નવસારી | સભ્ય |
| ૪. | ઈજ. બી.એમ. સોલીયા | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક,<br>જળ અને જમીન સંશોધન એકમ, નકૃયુ, નવસારી | સભ્ય |
| ૫. | ડૉ. અજય વી. નરવડે | મદદનીશ પ્રાધ્યાપક ,<br>જનીનવિદ્યા અને વનસ્પતિ સંવર્ધન વિભાગ, નમકૃમ, નકૃયુ, નવસારી | સભ્ય |
| ૬. | ડૉ. જે.જે. પસ્તાગીયા | પ્રોગ્રામ કોઓર્ડીનેટર,<br>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, સુરત | સભ્ય |

૧. ઉપરોકત નિષ્ણાંત ટીમના કન્વીનરશ્રીએ MoU અમલમાં આવ્યે તુરત જ સભ્યો સાથે GIPCL સાઈટની સ્થળ પર રૂબરુ મુલાકાત લઈને યુનિવર્સિટીના ફાળે આવતી કામગીરી શરૂ કરી દેવાની રહેશે.

૨. નિષ્ણાંત ટીમના વૈજ્ઞાનિકો GIPCL સાઈટની મુલાકાતે જાય ત્યાંરે જે તે વિભાગના કોઈ એક વાહનમાં મુસાફરી કરવી. નવસારી સિવાય સુરત કે અન્ય કેન્દ્ર પરથી સાઈટની મુલાકાતે જનાર વૈજ્ઞાનિકોએ તેઓના વિભાગના વાહનનો ઉપયોગ કરવો.

૩. નિષ્ણાંત ટીમના વૈજ્ઞાનિકોએ Deputation charges (DA) તથા Transportation charges (Diesel) નો ખર્ચ GIPCL સાથે નકકી થાય તે પ્રમાણે કંપની પાસેથી લેવાનો રહેશે.

૪. નિષ્ણાંત ટીમના કન્વીનરશ્રી જરૂર પડયે યુનિવર્સિટીના કોઈપણ વૈજ્ઞાનિકને કો–ઓપ્ટ કરીને સેવા લઈ શકશે.

(**અમલ :** ડૉ. વી.પી. ઉસદડીયા, સંશોધન વૈજ્ઞાનિક (જળ અને જમીન) અને નિષ્ણાંત ટીમના વૈજ્ઞાનિકશ્રીઓ)

પાછળ પાના નં.૨ પર ચાલુ......

૨. GIPCL પાસેથી કૃષિ વૈજ્ઞાનિકોના દૈનિક ભથ્થાં, ટાન્સપોર્ટેશન ચાર્જ તથા વહિવટી અને આવર્તક ખર્ચ નીચે પ્રમાણે લેવાનું નકકી કરવામાં આવ્યું અને MoU ના ડ્રાફટમાં તેનો સમાવેશ થાય તેવું ઠરાવ્યું.

1. Deputation charges for NAU Scientist as per prevailing rate of Government of Gujarat : Rs. 270/- per visit or a day. (This may be increased as per DA increased by Government of Gujarat)
2. Deputation charges for PG Students from NAU : Rs. 200/- per day.
3. To and fro transportation charge : Rs.1500/- for NAU vehicle from Navsari.
4. To and fro transportation charge : Rs.1200/- for NAU vehicle from Surat.
5. To and fro transportation charge : Rs.1200/- for NAU vehicle from Bharuch.
6. Administrative and contingency fund Rs. 50,000/- per annum.

(**અમલ:** વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નકૃયુ, નવસારી)

૩. નિષ્ણાંત ટીમના વૈજ્ઞાનિકોને માર્ગદર્શન આપવા, મોનીટરીંગ કરવા તથા સમયાંતરે કામગીરીની સમીક્ષા કરવા માટે નીચે દર્શાવેલ યુનિવર્સિટી અધિકારીશ્રીઓની એક મધ્યસ્થ કમિટીની રચના કરવામાં આવી.

૧. ડૉ. એ.એન. સાબલપરા, સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નકૃયુ, નવસારી
૨. ડૉ.જી.આર.પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
૩. ડૉ. એમ.કે. એરવાડીયા, ડીનશ્રી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
૪. ડૉ. બી.એન. પટેલ, ડીનશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

અન્ય કોઈ મુદ્દાઓ ચર્ચવાના બાકી ન રહેતા, ઉપસ્થિત અધિકારીશ્રીઓનો આભાર માનીને બેઠકની કાર્યવાહી પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/૪૬૨૫–૩૬/૨૦૧૫
નવસારી તા.૦૧/૧૦/૨૦૧૫

**નકલ સવિનય રવાના પ્રતિ:**

૧. માન. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારું.
૨. બેઠકમાં ઉપસ્થિત યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારું.
૩. શ્રી એન.કે.સિંઘ, એડી. જનરલ મેનેજરશ્રી, ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લીમીટેડ (GIPCL), મુ. નાની નરોલી, તા.માંગરોળ, જિ.સુરત, પીન–૩૯૪૧૧૦ તરફ જાણ સારું.

**નકલ જયભારત સહ રવાના પ્રતિ:**

૫. નિષ્ણાંત ટીમના વૈજ્ઞાનિકો તરફ જાણ તથા આગળની ઘટતી કાર્યવાહી કરવા સારું.

**નોંધ : સદરહુ કાર્યનોંધ માન. કુલપતિશ્રીની મંજૂરી લઈને બહાર પાડવામાં આવે છે.**